**પ્રેસનોટઃ** **તા. ૧૪/૦૯/૨૦૦૯**

ભાજપના પ્રદેશ અધ્યક્ષ તથા સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા તથા સાત વિધાનસભા પેટા ચૂંટણીના ઈન્ચાર્જશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ એક સંયુક્ત નિવેદનમાં ૭ (સાત) માંથી ૫ (પાંચ) બેઠકો ઉપરથી ભાજપને વિજયી બનાવવા માટે તમામ મતદારોનો આભાર માન્યો છે તથા જણાવ્યુ છે કે આ રાજયની ભાજપ સરકારના વિકાસના એજન્ડાની સ્વીકૃતિ છે અને માન. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મતદાતાઓનો સંપૂર્ણ વિશ્વાસ દર્શાવે છે. સમસ્ત ગુજરાતના ભાજપાના કાર્યકર્તાઓનો આ વિજયમાં અપૂર્વ ફાળો છે તેને પણ તેમણે બિરદાવ્યો છે.

ગુજરાત વિરોધી તત્વોએ જે પ્રમાણે રાજયને બદનામ કરવાનો કારસો રચ્યો હતો તેને મતદારોએ જોરદાર તમાચો માર્યો છે, તે આ પરિણામો ઉપરથી સ્પષ્ટ થાય છે.અંતમાં શ્રી રૂપાલાજી તથા શ્રી ચુડાસમાંએ જણાવ્યુ છે કે મતદાતાઓએ ભાજપમાં જે વિશ્વાસ મુક્યો છે તેને માટે ફરી એક વખત મતદાતાઓના અમે સહુ આભારી છીએ.